CONCORD COMMUNICATIONS

The Resource Centre

Publication : Aasspass

Date : Thursday, August 12, 2010

Edition : Rajkot

Page : 08

# બેટરહાફ : પતિને જીવાડવા પત્નીએ કર્યું લીવર દાન

## પત્ની બની પરમેશ્વર



અમદાવાદ, ગુરૂવાર

૪૭ વર્ષના સુનીલ પટેલ માટે તેમની પત્ની જીજ્ઞા પટેલ ભગવાન બનીને સામે આવી છે. જિંદગીના છેલ્લા સ્ટેજ ઉપર પહોંચેલા સુનીલ પટેલને પોતાની જ પત્ની જીજ્ઞાએ પોતાનું અડધુ લીવર પોતાના પતિના શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ કરીને સુનીલની જિંદગીને નવુ જીવતદાન આપ્યું છે. આ પ્રકાર રીતે લીવરનુ ટ્રાન્સપ્લાન્ટેશન થયું હોય તેવી રાજ્યની આ પ્રથમ ઘટના છે અને તે માટે સાત સર્જનની ટીમ ૧૮ કન્સલ્ટન્ટ અને ૧૬ જેટલા પેરામેડીકની ટીમને હાજર રાખવામાં આવી હતી. એપાલો હોસ્પીટલ ખાતે કરવામાં આવેલી આ સૌથી જટીલ સર્જરી પાછળ ૧૮ કલાક લાગ્યા હતાં. સુનીલ પટેલને જે બિમારી લાગુ હતી તેનાથી તેને ટ્રાન્સપ્લાન્ટેશનની સલાહ આપવામાં આવી હતી જે રીતે લીવર ટ્રાન્સપ્લાન્ટેશન અઘરુ હતુ તે જાણ્યા બાદ મારૂ લીવર કામ આવી શકશે કે નહીં તેની જાણકારી મેળવ્યા બાદ અનેક મેડીકલ ટેસ્ટ બાદ હું તૈયાર થઈ હતી. સદભાગ્યે અમારી બન્નેના

અનુસંધાન ૬

### બેટર હાફ

બ્લડગ્રુપ બી - પોઝીટીવ હતા.

હિન્દુ શાસ્ત્રમાં તો પતિ પરમેશ્વર માનવામાં આવે છે. પરંતુ અહીં તો પત્ની જ પતિ માટે પરમેશ્વર બનીને સામે આવી.

ઓપરેશન હાથ ધરનાર ડૉ. ચીરાગ દેસાઈએ જણાવ્યું હતું કે, આ બન્ને હવે પોતાનો ખોરાક અને લાઈફ સ્ટાઈલ બદલવી પડશે જેથી તેઓ કમ સે કમ ૨૦ વર્ષ જીવી શકે.